
**રણધીર અને રૂપાં શહેરથી ખાસ્સે દૂર એક ઉદ્યોગનગરમાં રહે છે. અહીં એકબીજાથી દૂર-દૂર કારખાનાં છે, મકાનો છે, વચ્ચે વગડા અને ઝાડી-ઝાંખરાં છે. રૂપાંને અહીં એકલાપણું ખૂબ સાલે છે. છતાં પતિના પ્રેમને બળે જીવ્યે જાય છે. અચાનક પતિના એ પ્રેમને સ્થાને ક્રોધ આવે છે, કેમ?**

# રૂપાં જાણે મીઠા જળની માછલી હતી, જે રણમાં આવી પડી હતી



“સર્જન’ ઉદ્યોગનગર કહેવાય છે. અમદાવાદનું જ એક ઉપનગર, પણ ભદ્રના કિલ્લાથી સર્જન સુધીનું અંતર છે પંદરેક કિલોમીટર અને એ નવા-નવા વસવા લાગેલા શહેર જેવું જ લાગે છે. એમાં એકબીજાથી ૨૦૦-૩૦૦ મીટરના અંતરે કારખાનાં આવેલાં છે. વચ્ચે ઘણાં ખેતર અને ખરાબા છે. અહીં-તહીં રહેણાંકનાં મકાનો પણ છે. કોઈ મકાનો જૂથમાં છે તો કોઈ અટૂલાં પણ છે.

રણધીર અને રૂપાંનું ઘર એવું જ અટૂલું છે. આજુબાજુ ઝાડી-ઝાંખરાં અને રડ્યાંખડ્યાં ખેતરો છે. દૂધ લેવા જવું હોય તો પણ લગભગ અડધો કિલોમીટર ચાલીને જવું પડે. રણધીર કારખાને ગયો હોય ત્યારે ઘર બંધ કરીને અંદર ગોંધાઈ રહેવું પડે.

એટલે જ તો રૂપાંને અહીં રહેવું ગોઠતું નહોતું. મૂળે એ શહેરની છોકરી હતી. જાણે મીઠા જળની માછલી વેરાન રણમાં આવી પડી હતી, પણ રણધીરમાં સમજાવટની શક્તિ ગજબની હતી. ઊંચો, હટ્ટોકટ્ટો અને માંજરી આંખોવાળો રણધીર બોલતો ત્યારે રૂપાં એને સાંભળી જ

**અરે, આ ભયંકર એકલતામાં સાથ આપે એવું એક બાળક હોવાની એણે માગણી કરી અને રણધીરે ટૂંકી આવકનો હાઉ બતાવ્યો, તે પછી એ વાતનો પણ રૂપાંએ કદી ઉલ્લેખ કર્યો નહોતો**

રહેતી. રણધીરના પૌરુષસભર વ્યક્તિત્વમાં એ પોતાની જાતને ખોઈ બેસતી. હંમેશાં પતિને ખુશ રાખવાની કોશિશ કરતી અને પતિ જો આવા એકાંત સ્થળે રહેવાનું પસંદ કરતો હોય તો પોતે પણ એમાં આનંદ માનવા પ્રયત્નશીલ રહેતી.

રણધીરની મરજી વિરુદ્ધ નહીં વર્તવા માટે રૂપાં પાસે એક બીજું કારણ પણ હતું. રણધીર આમ તો સાલસ વર્તન રાખતો, પણ જ્યારે ગુસ્સે થતો ત્યારે જ્વાળામુખી જેવો બની શકતો. ચાર વર્ષના લગ્નજીવનમાં એનું આ રુદ્ર સ્વરૂપ રૂપાંએ કવચિત જ જોયું હતું. છતાં એવા જૂજ પ્રસંગો પછી એવી ફડક એને પેસી ગઈ હતી કે રણધીરની કોઈ પણ વાતનો વિરોધ કરવાનો એનો જીવ ચાલતો નહોતો. અરે, આ ભયંકર એકલતામાં સાથ આપે એવું એક બાળક હોવાની એણે માગણી કરી અને રણધીરે ટૂંકી આવકનો હાઉ બતાવ્યો, તે પછી એ વાતનો પણ રૂપાંએ કદી ઉલ્લેખ કર્યો નહોતો. બસ, પોતાની એકલતાના દુઃખને એ એકલી-એકલી જ જીવતી રહી હતી.

અને એકલતાનું એ દુઃખ આજે તો અત્યંત વધી ગયું હતું. ગઈ રાતે રણધીર મોડો ઘેર આવ્યો હતો. ખૂબ જ મોડો. રાતના અગિયારેક વાગ્યા પછી એ વરસાદમાં પલળતો-પલળતો આવ્યો ત્યાં સુધીમાં રૂપાંનો જીવ તો ચિંતાથી અર્ધો થઈ ગયો હતો. અને છતાં જ્યારે એણે પૂછ્યું, “કેમ આટલું બધું મોડું થયું?” ત્યારે અત્યંત ક્રોધ કરીને રણધીરે કહ્યું, “નોકરી કરીએ છીએ, તારી જેમ બેઠાં-બેઠાં માખી નથી મારતા. કદીક મોડું પણ થઈ જાય!”

“પણ મને કેટલી બધી ચિંતા થતી હતી!” રૂપાંએ કહ્યું.

“ચિંતા?” રણધીરે વડછકું ભર્યું. “ચિંતા શાની થાય છે તને? તારે તો બસ લહેરથી પડ્યાં-પડ્યાં ખાવું છે અને ઊંઘવું છે. તને ચિંતા શા માટે થાય?”

અને પછી તો પતિ-પત્ની વચ્ચે ઝઘડો વધી પડ્યો. ગુસ્સામાં આવીને રણધીરે રૂપાંને એક તમાચો પણ ફટકારી દીધો. રૂપાં બિચારી સમજી જ ન શકી કે પતિ આજે આટલો ગુસ્સામાં કેમ છે! મોડી રાત સુધી એ પોતાની પથારીમાં પાસાં ઘસતી નિસાસા નાખતી રહી.

## એક પછી એક-1

સવારે એ જાગી તે પહેલાં તો રણધીર જતો રહ્યો હતો.

રૂપાંને રાતના પ્રસંગ માટે અત્યંત પસ્તાવો થયો. આખી સવાર એ રડતી રહી. પછી ઘરકામમાં લાગી ગઈ. રસોઈ કરી. ખાધું. પછી કપડાંને ઈસ્ત્રી કરવા લાગી. રણધીર ગઈ રાતવાળો ભીનો કોટ ખીંટીએ ટાંગેલો રાખીને જ જતો રહ્યો હતો. એ કોટ પર એણે ઈસ્ત્રી ફેરવવા માંડી અને...

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

એ કોટના ગજવામાંથી રૂપાંને એક બટન મળી આવ્યું. વારંવાર ઈસ્ત્રી એ ગજવા પર અટકી પડતાં એણે ગજવાની અંદર હાથ નાખ્યો તો નીકળી આવ્યું આ બટન! અને આ બટન પણ કેવું! મોરપીંછ રંગનું ખૂબ મોટું અને ચળકતું બટન હતું. અંદર સોનેરી મીનાકારીની એક ડિઝાઈન હતી. રૂપાં નવાઈ પામી ગઈ. પુરુષો કદી આવાં ફેન્સી બટન લગાવે નહીં. અરે, સાધારણ સ્ત્રીઓ પણ આવાં બટન વાપરતી નથી. આ તો વધારે પડતી ફેશનેબલ સ્ત્રીઓને જ પ્રિય હોય એવું બટન હતું.

આવું બટન રણધીરના ગજવામાં ક્યાંથી આવ્યું હશે?

અને એ બટન તરફ તાકી-તાકીને જોતી રહેતાં કોઈ નારીની આકૃતિ જાણે એ બટનમાંથી ઉપસી આવતી હોય એવું રૂપાંને લાગ્યું. એ કલ્પનામૂર્તિ પેલી ગુલબાનુની હતી. ઉદ્યોગનગરના એક રહેવાસી શેરખાંની પત્ની ગુલબાનુ એવી એક સ્ત્રી હતી, જે આવાં બટન વાપરી શકે. ફેશનની એ પૂતળી અનેક પુરુષો સાથે ફરતી હોવાની વાતો પણ રૂપાંએ સાંભળી હતી.

શું રણધીર પણ એની સાથે...?

અને આ બટન જો એવું હોય તો રણધીરના ગજવામાં શી રીતે આવ્યું? સ્વાભાવિક રીતે છૂટું થઈ ગયું હોય એવું એ બટન લાગતું નહોતું. કશીક ખેંચતાણમાં તૂટી ગયું હોય એમ કાપડ-દોરાના તાર પણ એની સાથે જ વળગેલા હતા. ગુલબાનુ સાથે રણધીરને એવી તે શી ખેંચતાણ થઈ હશે? સ્ત્રી અને પુરુષ વચ્ચે એવી ખેંચતાણ ક્યારે થાય છે, જ્યારે બટનો તૂટી જાય છે...?

આ વિચારે રૂપાંના અંગેઅંગને ધ્રુજાવી મૂક્યું. એની આસપાસની દુનિયા જાણે ચક્કર-ચક્કર ઘૂમતી લાગી. ઈસ્ત્રીને જેમની તેમ મૂકીને એ ખુરશીમાં ફસડાઈ પડી.

એ જ વખતે લાલુ એની ભણી કૂદ્યો.

લાલુ રૂપાંનો કૂતરો હતો. અહીંની આકરી એકલતામાં જરા સથવારો મળે એ માટે એણે લાલુને પાળી લીધો હતો. જો કે રણધીરને એ કૂતરો જરાય ગમતો નહોતો. એ તો કહેતો, “આંગણા વચ્ચે બોરડી વાવવી અને કૂતરો પાળવો, એ બેય વાતો સરખી છે. એ બંને ખરે વખતે જ જોખમરૂપ બની જાય છે.”

છતાં, ખૂબ રોઈ-ધોઈને રૂપાંએ લાલુને રાખવાની પરવાનગી મેળવી હતી.

અત્યારે પોતાની માલિકણને આમ ઢગલો થઈને બેસી પડતી જોતાં જ લાલુ એની સાથે ગેલ કરવા અને આશ્વાસન આપવા કૂદ્યો.

પણ એ બિચારો તો આખરે પશુ જ રહ્યો ને! પોતાના કૂદકાથી બાજુનું ટેબલ હલબલી ગયું અને એના પરનું દૂધ ઢોળાઈ ગયું, એની એને ખબર ન રહી.

રૂપાં એના પર ચીડાઈ ગઈ. “જો ગાંડિયા!” એણે કહ્યું. “આ શું કર્યું તેં? હવે સાંજે તારા સાહેબ વાળુમાં શું ખાશે?”

એટલું જ નહીં, રાતે ચા પીવાની પણ રણધીરને આદત હતી. સામાન્ય સંજોગોમાં તો રૂપાં એને સમજાવી લેત કે દૂધ ઢોળાઈ ગયું છે. “ચા વગર ચલાવી લો ને, આજનો દિવસ!” પણ ગઈ કાલના ગુસ્સા પછી હવે એ રણધીરને વિશેષ ગુસ્સે થવાનું કારણ આપવા માંગતી નહોતી.

પણ જીવરાજ ઠક્કરની દુકાન છેક એકાદ કિલોમીટર જેટલે છેટે હતી. અને આજે કોણ જાણે કેમ, રૂપાંને ત્યાં સુધી જતાં ડર લાગતો હતો. “આ દૂધ ઢોળાઈ ગયું, એ પણ શું અપશુકનની જ એક નિશાની નહોતી?” એનું ભોળું મન વિચારી રહ્યું.

અને છતાં એ દૂધ લેવા નીકળી જ પડી. લાલુના ગળાના પટ્ટામાં એણે સાંકળ પરોવી લીધી અને એક હાથમાં દૂધનું વાસણ લઈને એ ચાલી.

આખે રસ્તે એ સાવ એકલી જ હતી. વચ્ચે ખેતરો, વીડો અને ઝાડી-ઝાંખરામાંથી પસાર થતાં એનું હૈયું થડક-થડક થતું હતું. જાણે કોઈ અજાણ્યો ભય એ ઝાડીમાં છુપાઈ બેઠો હોય! સાથે લાલુ ન હોત તો રૂપાં કદાચ ઘેર પાછી જ જતી રહી હોત.

જીવરાજ ઠક્કરની દુકાને એ વખતે એકલો સ્ત્રીવર્ગ જ હતો અને દુકાનનું બહારવાળું બારણું બંધ કરીને એ સ્ત્રીઓ ઘરમાં બેઠી હતી. રૂપાંને જોઈને એ સૌનાં મોં પર આશ્ચર્યના ભાવ છવાઈ ગયા. જીવરાજના છોકરાની વહુ તો બોલી પણ ઊઠી, “અલી રૂપા! તું શું એકલી આવી છે?”

“મારી સાથે લાલુ છે ને! એકલી શાની?” રૂપાંએ હળવો જવાબ આપ્યો.

પણ આશ્ચર્ય! એની હળવાશ પર કોઈના હોઠ પર સ્મિત ફરક્યું નહીં. બધી સ્ત્રીઓ દીવેલિયા મોં કરીને રૂપાંને નિરખતી રહી.

“કેમ? આમ તાકી શું રહ્યા છો?” રૂપાં મૂંઝાઈ.

જીવરાજ ઠક્કરની પ્રૌઢ પત્નીએ કહ્યું, “તારી હિંમત ગજબની છે હોં, મારી બાઈ! સીમમાં ઓરતોનો હત્યારો એક ખૂની ભમે છે ત્યારે તું આમ નીકળી પડે, એ પણ ગજબ વાત છે ને!”

“ઓરતોનો ખૂની?” રૂપાં પૂછી બેઠી. “એ શી વાત છે?”

“તેં નથી સાંભળ્યું? આજનું છાપું પણ નથી વાંચ્યું? રેડિયો પણ નથી સાંભળ્યો? ટીવી?” જીવરાજના છોકરાની વહુએ અનેક સવાલો પૂછી નાખ્યા.

અને રૂપાએ ડોકું ધુણાવ્યું.

**(વાચક મિત્રો! આદર્શ સામાજિક રહસ્યકથા ગણાય એવી આ વાર્તા આગામી સપ્તાહે પૂરી કરીશું. દરમિયાનમાં ગત રહસ્યકથાનો ઉકેલ જોઈએ.)**

**રહસ્યકથા ‘શાપ’નો ઉકેલ:**

*દિનકર થોડી વાર મૌન રહ્યો. પછી બોલ્યો, “તું તો અદ્ભુત છે, રાધિકા! હવે મને આખી વાત સમજાય છે. સુરેશનો સાગરીત બીજો કોઈ નહીં, પણ ડો. દેસાઈ પોતે જ છે! એ ધનપ્રેમી છે. એણે જ સુરેશ પાસે આ શાપની યોજના રજૂ કરી હશે અને પછી ધનેશને ઊંઘના ઇન્જેક્શનને બહાને આ ભયંકર દર્દના જીવાણુઓ ધનેશના દેહમાં દાખલ કરી દીધા હશે. તેં જ કહ્યું ને કે ડો. દેસાઈ કાબેલ જીવાણુશાસ્ત્રી પણ છે. એટલે ઇન્જેક્શનને બહાને ધનેશના દેહમાં રોગાણુ દાખલ કરવાનું એને માટે સહેલું હતું. પણ એ રોગ કયો, બહેન?”*

*“ન ઓળખાયો એ રોગ? ધનેશને જેનો ભોગ બનાવાયો તે રોગ છે મરકી! પ્લેગ.”*